જા.નં.ગુરાબીનિ/નાણાં/ટિ.૨/ /૦૯, તારીખ :

**પ્રતિ,**

શ્રી પ્રવિણ કટારમલ
અધિક અંગત સચિવશ્રી
માન.મંત્રીશ્રી કૃષિ, સહકાર,પશુપાલન,મત્સ્યોધોગ,
ગૌસ્વર્ધન,જેલ,કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોનું કાર્યાલય,
ગુજરાત સરકાર,નવા સચિવાલય,ગાંધીનગર.

**વિષય :–ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડની છેલ્લા ત્રણ વર્ષની તા. ૩૧–૧૨–૨૦૧૦ અંતિત સિધ્ધીઓની માહિતી..**

સંદર્ભઃ– આપના પત્ર ક્રમાંક : પીએસ/કૃષિ અને કાયદો/૨૨૨/૨૦૧૧ તા. ૨૧–૨–૨૦૧૧

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષયે સરકારશ્રીના સદર્ભનીય પત્ર અન્વયે જણાવવાનુ કે ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડની તા. ૩૧–૧૨–૨૦૧૦ અંતિત મહત્વની સિધ્ધીઓની માહિતી મુદ્દાવાર નીચે મુજબ છે.

**<u>(૧) બીજ ઉત્પાદન :–</u>**

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડએ વર્ષ ૨૦૦૧–૦૨માં ૧,૩૧,૧૫૨ કિવન્ટલ બીજ જથ્થો ઉત્પાદન કરેલ હતો તેની સામે વર્ષોવર્ષ બીજ ઉત્પાદનમાં સતત વધારો કરી વર્ષ ૨૦૦૯–૧૦ સુધીમાં ૨,૦૨,૦૭૮ કિવન્ટલ બીજ જથ્થો ઉત્પાદન કરીને રાજયના ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળુ બિયારણ પુરુ પાડેલ છે.

**<u>(૨)બીજ ઉત્પાદન ક્ષેત્રે પોડકટીવીટી એવોર્ડ :–</u>**

બિયારણ ઉત્પાદન ક્ષેત્રે નિગમને પ્રોડકટીવીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી ધ્વારા વર્ષ ૨૦૦૨–૦૩ માં પ્રથમ કક્ષાનો પ્રોડકટીવીટી એવોર્ડ મળેલ છે. વર્ષ ૨૦૦૪–૦૫ માં પ્રથમ કક્ષાનો અને ત્યારબાદ વર્ષ ૨૦૦૫–૦૬ માં ધ્વિતિય કક્ષાનો પ્રોડકટીવીટી એવોર્ડ મળેલ છે.

**<u>(૩) બીજ વિતરણ :–</u>**

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડએ વર્ષ ૨૦૦૧–૦૨માં ૧,૨૧,૩૦૬ કિવન્ટલ બીજ જથ્થો વેચાણ કરેલ હતો તેની સામે વર્ષોવર્ષ બીજ વેચાણમાં સતત વધારો કરી વર્ષ ૨૦૦૯–૧૦ સુધીમાં ૨૦૩૫૫૧ કિવન્ટલ બીજ જથ્થો વિતરણ કરીને રાજયના ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા જુદા–જુદા બિયારણ પુરા પાડેલ છે.ચાલુ વર્ષે પણ બીજ વિતરણમાં સતત વધારો થવા પામેલ છે. હા.કપાસની વિવિધ જાતોમાં રોગ જીવાતને કારણે ખેડૂતોએ ૯૦ થી ૯૫ ટકા વાવેતર ઘટાડતાં તેની જગ્યાએ વિશ્વસનીયતાવાળુ બી.ટી.કપાસ બિયારણ રાજયના ખેડૂતોને વ્યાજબી ભાવે મળી રહે તે માટે નવસારી કૃષિ યુનિવર્સીટી,નેશનલ બોટનીકલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ–લખનૌ અને ગુજરાત રાજય બીજ નિગમ લિ. વચ્ચે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે પરંતુ સદર બિયારણ વર્ષ –૨૦૧૧ બાદ મળે તેવી શકયતાના કારણે માન્ય કંપની કૃષિધન સીડસ,પુના સાથે એમ.ઓ.યુ. કરીને બી.ટી.કપાસ બિયારણ બીજધન–૧ તથા બીજધન–૨ નુ બિયારણ રાજયના ખેડૂતોને વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવી ખાતરીવાળુ બી.ટી.કપાસ બિયારણ પુરુ પાડેલ છે.નિગમ પાસેના વધારાના બિયરણોનું મહારાષ્ટ્ર,રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે રાજયોમાં પણ વેચાણ કરી નિગમની આવકમાં ઉત્તરોતર વધારો કરવામાં આવે છે.

**<u>(૪) નાણાંકીય સ્થિતિ :–</u>**

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડ વર્ષોવર્ષ નફો કરે છે.વર્ષ ૨૦૦૧–૦૨ માં ટેક્ષ બાદનો નફો **રૂ.૧૦૩.૫૧ લાખ** કરેલ હતો તેમાં વર્ષોવર્ષ વધારો કરી વર્ષ ૨૦૦૯–૧૦ માં **રૂ. ૮૭૪.૪૭ લાખનો** નફો

..૨..

કરેલ છે. નિગમમાં વર્ષ ૨૦૦૯–૧૦ ના અંતે ભારત સરકારની રુ.૧૮ લાખની અને ગુજરાત સરકારની રુ.૩૪૫ લાખની ભરપાઈ થયેલી શેરમુડી પર **૧૦ ટકા** પ્રમાણે ડીવીડન્ડ ચુકવવામાં આવે છે.આ સાથે નિગમની છેલ્લા દશ વર્ષની નાણાંકીય સ્થિતિ દર્શાવતું પત્રક સામેલ છે. વર્ષ ૨૦૧૦–૧૧ માં અંદાજે રુ. ૧૦૦ કરોડ ઉપરાંતનુ બિયારણ વેચાણ થવાનો અંદાજ છે અને અંદાજે **રુ.૧૫ કરોડ નો નફો** થવાની સંભાવના છે.

**<u>(૫) વહીવટી ક્ષેત્ર :–</u>**

નિગમમાં અધિકારી/કર્મચારીઓ અને મેનેજમેન્ટ વચ્ચેના સબંધો સારા રહેલ છે અને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઈ પ્રશ્નો ઉપસ્થિત થયેલ નથી.નિગમમાં સરકારશ્રીની કરકસરની સુચનાઓ અન્વયે બચતનાં પગલાં ભરેલ છે. વય નિવૃતિને કારણે ખાલી પડેલ જગ્યાઓ ઉપર નવી નિમણુક ન આપીને વહીવટી ખર્ચમાં ઘણી જ બચત કરી છે. સરકારશ્રીની યોજનાઓ જેવી કે નિર્મળ ગુજરાત,નિરોગી બાળ વર્ષ, કૃષિ મહોત્સવ વગેરે યોજનાઓનો નિગમમાં અમલ કરવામાં આવેલ છે.

**આપનો વિશ્વાસુ**

**સામેલ : ઉપર મુજબ**
**કંપની સચિવ**

**<u>નકલ સવિનય રવાના :</u>** સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ક–૬ શાખા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ થવા સારુ.

## ગુજરાત રાજય બીજ નિગમ લિ.ગાંધીનગર

નિગમે વર્ષ ૨૦૦૮–૦૯ દરમ્યાન ૨.૦૭ લાખ કિવન્ટલ બિયારણના ઉત્પાદન/ખરીદીની સરખામણીએ વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન ૨.૦૨ લાખ કિવન્ટલ બિયારણનું ઉત્પાદન/ખરીદ કરેલ છે. નિગમે ગત વર્ષના રૂા.૧૦૩.૬૫ કરોડની કિંમતના ૨.૦૬ લાખ કિવન્ટલ બિયારણની વહેંચણી સામે ૨૦૦૯–૧૦ના વર્ષ દરમ્યાન રૂા.૫૮.૮૧કરોડની કિંમતના ૨.૦૩ લાખ કિવન્ટલ બિયારણનું વિતરણ કરેલ છે. નિગમે વર્ષ ૨૦૦૯–૧૦ દરમ્યાન રાજય બહારના ખેડૂતોને પણ બિયારણનું વિતરણ કરેલ છે.

નિગમ મારફત કૃષિ યુનિવર્સિટી દવારા સંશોધન કરેલ અને ભારત સરકાર દવારા માન્ય કરેલ નોટીફાઈડ જાતોનું બીજ ઉત્પાદન કરવામાં આવે છે અને જેમાં નવી સંશોધિત કરેલ જાતોનો ખેડૂતોને ઝડપથી લાભ મળે તેવા પ્રયત્નો સારૂ ઉત્પાદનની ગુણવત્તાને ઘણું મહત્વ આપે છે. જે માટે વિવિધ તબકકે બિયારણની પ્રક્રિયા અને ગ્રેડીગ કરવામાં ખૂબ કાળજી લેવામાં આવે છે. ઉત્પાદન કરેલ બિયારણનો વૈજ્ઞાનિક ધોરણે સંગ્રહ કરવા માટે નિગમે જીલ્લા / તાલુકા મથકે પોતાના ગોદામો બાંધેલ છે. બિયારણની સંગ્રહ શકિત ૯.૯૬ લાખ કિવન્ટલની છે. બિયારણની પ્રક્રિયા, ગ્રેડીગ અને પેકિંગ માટે નિગમે પોતાના પ્રોસેસીગ પ્લાન્ટની વિવિધ જીલ્લામાં અને તાલુકા ખાતે સ્થાપના કરેલ છે.

નિગમ દવારા છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ બિયારણનું ઉત્પાદન/ખરીદ અને વેચાણ નીચે મુજબ છે.

**(ઉત્પાદન/ખરીદ/વેચાણ : કિવન્ટલમાં, કિંમત : રૂપિયા લાખમાં)**

| અ.નં. | વર્ષ | **વર્ષ દરમ્યાનનું ઉત્પાદન/ખરીદ** | | **બિયારણનું વેચાણ** | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **ગુજરાત રાજયમાં** | | **કુલ વેચાણ અન્ય રાજયો સહિત** | |
| | | જથ્થા | કિંમત | જથ્થો | કિંમત | જથ્થો | કિંમત |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | ૨૦૦૭–૦૮ | ૨૦૦૯૮૩ | ૫૦૪૭.૩૪ | ૧૮૧૩૪૦ | ૫૫૬૮.૮૦ | ૧૮૭૯૨૧ (૬૫૮૦) | ૫૮૮૧.૨૭ (૩૧૨.૪૭) |
| ૨. | ૨૦૦૮–૦૯ | ૨૦૭૪૬૦ | ૬૧૩૪.૩૭ | ૧૯૮૧૮૮ | ૯૯૮૧.૭૬ | ૨૦૬૦૧૮ (૭૮૩૦) | ૧૦૩૬૫.૭૧ (૩૮૩.૯૫) |
| ૩ | ૨૦૦૯–૧૦ | ૨૦૨૦૭૮ | ૬૫૯૯.૧૬ | ૨૦૦૨૯૯ | ૮૨૮૭.૪૫ | ૨૦૩૫૫૧ (૩૨૫૨ ) | ૮૫૦૬.૧૭ (૨૫૧.૬૯) |

નોંધ :
કોંસમાં દર્શાવેલ આંકડા અન્ય રાજયોનું વેચાણ અને કિંમત દર્શાવે છે.